# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ,પાટણ

નં. પનિ / ૪૯ / ૨૦૨૧
તા. ૦૪ / ૦૧ / ૨૦૨૧

**<u>ખાસ અગત્યનું</u>**

પ્રતિ,
તમામ આચાર્યશ્રી, અધ્યક્ષશ્રીઓ, કો–ઓર્ડીનેટરશ્રીઓ
હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના તમામ વિદ્યાર્થીઓ

વિષય :– ઓકટો–ડિસે, ૨૦૨૦ની સેમ–૧ અને ૩ની
ઓનલાઈન પરીક્ષાઓ અંગે.

શ્રીમાન,

નોવેલ કોરોના વાયરસ–૨૦૧૯ અંગે વૈશ્વિક મહામારીને કારણે હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ઓકટો–ડિસેમ્બર, ૨૦૨૦ની સ્નાતક કક્ષાની સેમ–૧ અને ૩ની પરીક્ષાઓ ઓનલાઈન લેવાનું નકકી કરેલ છે. જે અંગે તમામ વિદ્યાર્થીઓએ નીચેની બાબતોને અનુસરવાનું રહેશે.

૧. ઓનલાઈન પરીક્ષાઓ તમામ સ્નાતક કક્ષાના સેમ–૧ અને ૩ના પરીક્ષાર્થીઓ માટે ફરજીયાત છે. આથી વખતો વખત યુનિવર્સિટી ધ્વારા અલગ અલગ પરીક્ષાઓ માટે તબકકાવાર રજીસ્ટ્રેશન કરવાની તારીખો જાહેર કરવામાં આવે ત્યારે રજીસ્ટ્રેશન ફરજીયાત કરવાનું રહેશે. સમયમર્યાદામાં રજીસ્ટ્રેશન નહીં કરનાર પરીક્ષાર્થી પરીક્ષા આપી શકશે નહી.

૨. ઓનલાઈન પરીક્ષા આપવા પરીક્ષાર્થીઓએ

   ૧. પરીક્ષાર્થીઓ ડેકસ્ટોપ, લેપટોપ, મોબાઈલ અથવા ટેબલેટ પૈકી કોઈપણ ઉપકરણ પર પરીક્ષા આપવાની રહેશે.
   ૨. ડેકસ્ટોપ અથવા લેપટોપ માટે વિન્ડોઝ ૭ અથવા તેનાથી ઉપરના વર્ઝનવાળી ઓપરેટીંગ સિસ્ટમ અને ચાલુ હાલતમાં હોય તેવા **વેબકેમેરા ફરજીયાત છે.**
   ૩. મોબાઈલ અથવા ટેબલેટ નીચે મુજબની configurationવાળા ચાલુ હાલતમાં હોવા જોઈએ.
      અ. ફ્રન્ટ કેમેરાથી સજ્જ
      બ. લેટેસ્ટ ગૂગલ ક્રોમ બ્રાઉઝર
   ૪. ઈન્ટરનેટ સ્પીડ માટે બ્રોડબેન્ડના કિસ્સામાં ઈન્ટરનેટની સ્પીડ ૧ mbps હોવી જોઈએ અને મોબાઈલ નેટવર્કના કિસ્સામાં 4G નેટવર્ક અનિવાર્ય રહેશે.
   ૫. ચાલુ પરીક્ષામાં ઈન્ટરનેટ કનેકિટવિટી ખોરવાઈ જાય નહીં તેમજ વેબ કેમેરા બંધ ન થાય તે અંગેની તમામ પૂરતી કાળજી વિદ્યાર્થીએ રાખવાની રહેશે. તેમજ વૈકલ્પિક વ્યવસ્થા પણ કરી રાખવાની રહેશે.
   ૬. કેમેરા સેટ અપ ફરજીયાત છે, નીચે જણાવેલ પરીસ્થીતી ધ્યાને આવશે અથવા જો કોઈ વિદ્યાર્થી શંકાસ્પદ જણાશે તો કોપી કેસ થશે.
      ૧. પરીક્ષાર્થી વધારે પડતી ફેસ મુવમેન્ટ કરશે તો સીસ્ટમ ચેતવણી આપશે અને જો મુવમેન્ટ ચાલુ રહેશે તો પરીક્ષા લોક થઈ જશે.
      ૨. પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થીના ફોટો પડતા રહેશે, તેમજ પરીક્ષાર્થી સિવાય અન્ય કોઈ સાથે સ્ક્રીનમાં દેખાશે તો સીસ્ટમ ધ્વારા ચેતવણી આપવામાં આવશે અને પરીક્ષા લોક થઈ જશે.
      ૩. આ પરીક્ષા વેબ બ્રાઉઝર ગૂગલ ક્રોમ સર્પોટેડ છે. આથી ઓનલાઈન પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પોતાના ડિવાઈસમાં અન્ય કોઈપણ પ્રવૃતિ કરેલ હશે તો તેને પણ પરીક્ષા દરમ્યાન થયેલ ગેરરીતિ સમજવામાં આવશે.

ઉપરોકત ત્રણેય કેસમાં પરીક્ષાર્થીઓ પર કોપી કેશ થઈ શકે છે તે પરીક્ષાર્થીઓએ ધ્યાનમાં રાખવું.

૩. પરીક્ષાના વિષયવાર ગુણ, પ્રશ્નો તથા સમય નીચે પ્રમાણે રહેશે.

૩.૧ જો પ્રશ્નપત્ર ૧૦૦ ગુણનું હોય તો ૫૦ જ પ્રશ્નો પુછાશે અને પરીક્ષાર્થીએ ૫૦ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. એટલે કે એક પ્રશ્નના બે ગુણ રહેશે. તેના માટે તેને ૫૦ મીનીટનો સમય આપવામાં આવશે.

**૩.૨ જો પ્રશ્નપત્ર ૭૦ ગુણનું હોય તો ૩૫ પ્રશ્નો પુછાશે અને પરીક્ષાર્થીએ ૩૫ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. એટલે કે એક પ્રશ્નના બે ગુણ રહેશે. તેના માટે તેને ૩૫ મીનીટનો સમય આપવામાં આવશે.**

૩.૩ જો પ્રશ્નપત્ર ૫૦ ગુણનું હોય તો ૨૫ પ્રશ્નો પુછાશે અને તેમાંથી પરીક્ષાર્થીએ ૨૫ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. એટલે કે એક પ્રશ્નના બે ગુણ રહેશે. તેના માટે તેને ૨૫ મીનીટનો સમય આપવામાં આવશે.

૩.૪ જો પ્રશ્નપત્ર ૩૫ ગુણનું હોય તો ૧૮ પ્રશ્નો પુછાશે અને તેમાંથી પરીક્ષાર્થીએ ૧૮ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. એટલે કે એક પ્રશ્નના બે ગુણ રહેશે. તેના માટે તેને ૧૮ મીનીટનો સમય આપવામાં આવશે.

૪. વિદ્યાર્થી ઘરે બેઠાં પરીક્ષા આપી શકશે. તેમજ જે વિદ્યાર્થી પાસે ઓનલાઈન પરીક્ષા આપવા માટે મોબાઈલ તેમજ ઈન્ટરનેટની સગવડ ન હોય તો તેવાં વિદ્યાર્થીઓ યુનિવર્સિટી ધ્વારા જાહેર કરેલ પરીક્ષા કેન્દ્રો પર જઈ પરીક્ષા આપી શકશે. પરીક્ષા કેન્દ્રોની યાદી હવે પછી જાહેર કરવામાં આવશે. જેના માટે યુનિવર્સિટીની વેબસાઈટ પર ફોર્મ ભરવાનું રહેશે.

૫. ઓનલાઈન પરીક્ષામાં નેગેટીવ માર્કીંગ રાખવામાં આવેલ નથી.

૬. પરીક્ષાર્થી એક વખત પ્રશ્નનો જવાબ ટીક કરે છે તે બદલી શકશે નહી તેમજ પાછાં તે પ્રશ્ન પર જઈ શકાશે નહી.

૭. પરીક્ષાર્થીને ક્રમ નં. ૩માં દર્શાવેલ લાગુ પડતો સંપુર્ણ સમય આપવામાં આવશે.

૮. પ્રથમ તબકકો તા. ૨૦/૦૧/૨૦૨૧થી ચાલુ થનાર છે. (સ્નાતક કક્ષાની સેમ–૩ની પરીક્ષાઓ બી. એ. સેમ–૩ સિવાય)

૮.૧ તા. ૨૧/૦૧/૨૦૨૧થી ચાલુ થનાર પરીક્ષાઓ માટે રજીસ્ટ્રેશન તા. ૦૭/૦૧/૨૦૨૧ થી તા. ૧૪/૦૧/૨૦૨૧ના સાંજે ૦૫ : ૦૦ કલાક સુધી કરવાનું રહેશે.

૮.૨ પ્રથમ તબકકામાં દર્શાવેલ પરીક્ષાના વિદ્યાર્થીઓએ લોગ ઈન આડી અને પાસવર્ડ માટે રજીસ્ટ્રેશન કરવું ફરજીયાત છે. રજીસ્ટ્રેશન કર્યા બાદ તુરંત જ પાસવર્ડ મળી જશે, તે પરીક્ષાર્થીએ નોંધી રાખવાનો રહેશે.

૮.૩ પ્રથમ તબકકામાં લેવાનાર પરીક્ષાઓ માટે પ્રથમ મોક ટેસ્ટ તા. ૧૮/૦૧/૨૦૨૧ તથા દ્રિતીય મોક ટેસ્ટ તા. ૧૯/૦૧/૨૦૨૧ના રોજ લેવામાં આવશે.

૮.૪ મોક ટેસ્ટ ફરજીયાત છે, તેમજ મોકટેસ્ટ એ ઓનલાઈન પરીક્ષાની પધ્ધતિ સમજવા માટે ઉપયોગી રહેશે. જેમાં પ્રશ્નપત્ર જનરલ નોલેજ પ્રમાણે હશે અને તેના ગુણ કોઈ ગણતરીમાં લેવામાં આવશે નહી.

૯. બીજા તબકકામાં બી.એ. સેમ–૩ની પરીક્ષા તા. ૩૦/૦૧/૨૦૨૧થી ચાલુ થશે. જેના માટે રજીસ્ટ્રેશન કરવાની તારીખો તથા પરીક્ષાઓનો કાર્યક્રમ યુનિવર્સિટી વેબસાઈટ પર મુકવામાં આવશે.

સહકારની અપેક્ષા સહ,

મિતુલ એમ. દેલીયા
(કા. પરીક્ષા નિયામક)

નકલ રવાના :–

૧. ડીનશ્રી, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા સંબંધિત પરીક્ષાના ચેરમેનશ્રીઓ તરફ જાણ વ ઘટતી કાર્યવાહી સારૂ
૨. કુલપતિશ્રી / કુલસચિવશ્રી / મુખ્ય હિસાબી અધિકારીશ્રી તરફ જાણ સારુ.
૩. મદદનીશ કુલસચિવશ્રી, કચેરી અધિક્ષકશ્રી, હેડ કલાર્ક (પરીક્ષા તથા એકેડેમિક શાખા).
૪. કાર્યાલય / પરીક્ષા વિભાગ નોટીસ બોર્ડ.
૫. હેમ.ઉ.ગુ.યુનિ. પૂછપરછ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારુ.
૬. સિસ્ટમ એનાલિસ્ટશ્રી (વેબસાઈટ પર મૂકવા માટે).